**સમય સંદેશ**

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦



સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૧૨ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

સફળતા માટે કોઈ મંત્ર નથી, આ માત્ર મહેનતનું પરિણામ છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૦૬ ● તારીખઃ ૨૬.૦૬.૨૦૨૬, શુક્રવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060







દક્ષિણ અમેરિકાના પ્રમુખ દેશ વેનેઝુએલામાં એક જ મિનિટની અંદર અનુક્રમે ૭.૨ અને ૭.૫ની તીવ્રતાના બે પ્રચંડ બેક-ટુ-બેક ભૂકંપ ત્રાટકતાં સમગ્ર દેશમાં ભારે હાહાકાર અને વિનાશ સર્જાયો છે, જેના પગલે સરકાર દ્વારા તાકીદની રાષ્ટ્રીય કટોકટી (ઇમરજન્સી) જાહેર કરવામાં આવી છે. યુએસ જિયોલોજિકલ સર્વેના પ્રારંભિક અહેવાલો મુજબ, આ મહાવિનાશક આપત્તિમાં મૃત્યુઆંક ૧૦,૦૦૦ થી લઈને ૧,૦૦,૦૦૦ (એક લાખ)ની વચ્ચે હોવાની ભીતિ સેવાઈ રહી છે અને ભૂકંપનું કેન્દ્રબિંદુ મોન્ટાલબાન અને મોરોન વિસ્તારની નજીક જમીનથી ૧૦ થી ૨૨ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું છે, જ્યાં દેશની મોટી ઓઇલ રિફાઇનરીઓ આવેલી હોવાથી વહીવટી તંત્રની ચિંતા વધી છે. આ આપત્તિ ૧૮૨૧ના સૈન્ય વિજયની રાષ્ટ્રીય રજાના દિવસે આવી હોવાથી મોટાભાગના નાગરિકો ઘરોમાં જ હતા અને જોતજોતામાં રાજધાની કરાકાસની ૨૨ માળની ઇમારત સહિત અનેક બહુમાળી મકાનો જમીનદોસ્ત થઈ ગયા હતા.

# ઉજ્જૈનમાં મોહર્રમના જુલુસ દરમિયાન ક્રેન પર લટકાવેલી કારમાં વિસ્ફોટ

## સોશિયલ મીડિયા પર વ્યૂઝ મેળવવાની ઘેલછામાં આયોજક સહિત ચાર સામે ગુનો દાખલ

**સમય સંદેશઃ ઉજ્જૈન**

મધ્ય પ્રદેશના ઉજ્જૈન પાસે આવેલા બડનગરમાં ગત ૨૩ જૂનની રાત્રે મોહરમના જુલુસ દરમિયાન ભારે આતંક અને બેદરકારીનો એક સનસનાટીભર્યો વીડિયો સામે આવ્યો છે, જેમાં અડાન મહોલ્લામાંથી નીકળેલા જુલુસમાં એક ટાટા મેજિક વાનને ક્રેનની મદદથી આશરે ૪૦ ફૂટની ઊંચાઈએ હવામાં લટકાવવામાં આવી હતી. આ હવામાં લટકતી વાનની છત પર ઊભા રહીને બે યુવકો લાલ ઝંડા લહેરાવી રહ્યા હતા અને ત્યારબાદ 'લે ફિર આ ગયે' લખેલી તે વાનમાં જોરદાર વિસ્ફોટ કરીને તેને ઉડાવી દેવામાં આવી હતી.





આ ઘટનાના વીડિયો 'પરવેઝ એડિટ્સ૨.૦' નામના ઇન્સ્ટાગ્રામ આઇડી પર વાયરલ થતાં જ હરિદ્વારના સંત સ્વામી શિવાનંદ ગિરિ અને હિંદુ જાગરણ મંચના રિતેશ માહેશ્વરીએ આકરી પ્રતિક્રિયા આપતા આ પ્રકારના ખતરનાક કૃત્યો સામે સખત વાંધો ઉઠાવ્યો છે અને જિલ્લા પ્રશાસન પાસે જવાબો માગ્યા છે.

આ ગંભીર અને ભયજનક ઘટનાની કડક નોંધ લેતા ઉજ્જૈનના એડિશનલ એસપી કરણદીપ સિંહે સ્પષ્ટ કર્યું છે કે વહીવટીતંત્ર દ્વારા માત્ર જુલૂસ કાઢવાની પરવાનગી આપવામાં આવી હતી, કોઈ પણ પ્રકારના ખતરનાક વિસ્ફોટકોનો ઉપયોગ કરવાની બિલકુલ મંજૂરી નહોતી. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે સ્થાનિક અખાડાઓ વચ્ચે ચાલતી સ્પર્ધા તેમજ સોશિયલ મીડિયા પર વધુને વધુ જનતાને આકર્ષવા અને વ્યુઝ મેળવવાની સસ્તી ઘેલછામાં આ જીવલેણ સ્ટંટ કરવામાં આવ્યો હતો, જેમાં દિવાળીના અનેક રોકેટ્સ કારના બંધ કાચની અંદર એકસાથે ચલાવવામાં આવતા ગેસના પ્રચંડ દબાણના કારણે આ બ્લાસ્ટ થયો હતો. આ ગુનાહિત લાપરવાહી બદલ પોલીસે કડક વલણ અપનાવીને આયોજક શોએબ

અનુ પાના નં.૨ પર

# એમેઝોનનો મોટો નિર્ણયઃ ભારતમાં પાંચ વર્ષમાં વધુ ૪૮ અબજ ડોલરનું રોકાણ કરશે

## વડાપ્રધાન મોદી સાથેની બેઠક બાદ સીઈઓ એન્ડી જેસીની જાહેરાત

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વિશ્વની સૌથી દિગ્ગજ ઈ-કોમર્સ અને આઈટી કંપની એમેઝોને ભારતમાં આગામી પાંચ વર્ષમાં અબજો ડોલરનું નવું રોકાણ કરવાની મોટી જાહેરાત કરી છે. એમેઝોનના ચીફ એક્ઝીક્યુટિવ ઓફિસર એન્ડી જેસીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે ખાસ મુલાકાત કર્યા બાદ, ભારતમાં વર્ષ ૨૦૨૬થી ૨૦૩૦ વચ્ચે ૪૮ અબજ ડોલરનું માતબર રોકાણ કરવાનો આખરી નિર્ણય લીધો છે. કંપનીએ અગાઉ આ સમયગાળા માટે ૩૫ અબજ ડોલરના રોકાણની જાહેરાત કરી હતી, જેમાં હવે સીધો ૧૩ અબજ ડોલરનો મોટો વધારો કરવામાં આવ્યો છે.

એમેઝોનના સીઈઓ એન્ડી જેસીએ આ રોકાણ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, કંપનીએ વર્ષ ૨૦૧૦થી અત્યાર સુધીમાં ભારતમાં ૪૦ અબજ ડોલરનું રોકાણ પૂર્ણ કર્યું છે અને હવે આગામી પાંચ વર્ષમાં વધુ ૪૮ અબજ ડોલર ઉમેરાશે. આ નવી જાહેરાત સાથે જ ભારતમાં વર્ષ ૨૦૧૦થી ૨૦૩૦ સુધીના ગાળામાં એમેઝોન દ્વારા કુલ રોકાણ કરવાની પ્રતિબદ્ધતા ૮૮ અબજ ડોલરના આંકડા સુધી પહોંચી જશે. એમેઝોન દ્વારા આ વિશાળ મૂડીરોકાણ મુખ્યત્વે ત્રણ મહત્ત્વના



સેક્ટરો - ઈ-કોમર્સ નેટવર્ક, કોમર્શિયલ ઓપરેશનલ અને ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કરવામાં આવશે, જેનાથી ભારતની ડિજિટલ અર્થવ્યવસ્થામાં સતત વધી રહેલી માંગને પૂરી કરી શકાશે. આ મહત્વપૂર્ણ બેઠક બાદ એમેઝોનના સીઈઓએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના છેલ્લા ૧૨ વર્ષના કાર્યકાળની સફળતા અને નેતૃત્વના મુક્તકંઠે વખાણ કર્યા હતા. તેમણે પ્રશંસા કરતા ઉમેર્યું કે, વર્તમાન સમયમાં ભારત વિશ્વના દરેક સેક્ટર અને દરેક બાબતોમાં એક અત્યંત મહત્ત્વનો દેશ બની ગયો છે. દેશને તમામ પાસાઓમાં વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ અને અગ્રેસર બનાવવા માટે વડાપ્રધાન મોદી પાસે અદભુત અનેક પ્રગતિશીલ વિચારો છે, જે ભારતના ઉજ્જવળ ભવિષ્યને આકાર આપી રહ્યા છે.

# અમેરિકા સામે ભારતની 'નો કોમ્પ્રોમાઈઝ' નીતિ

## વાણિજ્ય મંત્રીની ગર્જના; 'ભારતીય નિકાસકારોને ફાયદો નહીં મળે, ત્યાં સુધી અમેરિકા સાથે ડીલ નહીં!'

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વૈશ્વિક અર્થતંત્રમાં ભારત હવે દબાવમાં આવીને નહીં, પરંતુ પોતાની શરતો પર વ્યાપાર કરવા માટે સક્ષમ બની ગયું છે. આ વાતનો પુરાવો આપતાં દેશના વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે યુનાઇટેડ સ્ટેટ્સ (અમેરિકા) સાથે ચાલી રહેલા દ્વિપક્ષીય વેપાર કરાર અંગે અત્યંત કડક અને સ્પષ્ટ વલણ અપનાવ્યું છે.

ગોયલે ગુરુવારે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે, જ્યાં સુધી અન્ય હરીફ દેશોની સરખામણીએ ભારતીય નિકાસકારોને યુએસ



માર્કેટમાં 'તુલનાત્મક ટેરિફ લાભ' આપતું મજબૂત માળખું તૈયાર નહીં થાય, ત્યાં સુધી ભારત અમેરિકા સાથે કોઈ પણ કરાર પર હસ્તાક્ષર કરશે નહીં.

ન્યૂઝ એજન્સી રોઇટર્સના અહેવાલ અનુસાર, ભારત અને અમેરિકા વેપાર કરારને આખરી ઓપ આપવાની ખૂબ જ નજીક

અનુ પાના નં.૨ પર

# પાસપોર્ટ સંબંધીત સેવાઓ મોંઘી થઈ, ૧ જુલાઈથી નવા દરો થશે લાગુ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

કેન્દ્ર સરકારે પાસપોર્ટ અને સંબંધિત સેવાઓના ચાર્જમાં મોટો વધારો કર્યો છે. વિદેશ મંત્રાલયે પાસપોર્ટ (સુધારા) નિયમો, ૨૦૨૬ જાહેર કરીને આ નિર્ણય લીધો છે. ૧ જુલાઈ, ૨૦૨૬થી નવા દરો અમલમાં આવશે, જેનાથી સામાન્ય નાગરિકો માટે પાસપોર્ટ ૨,૦૦૦ સુધી મોંઘો થશે. સરકારે ૧૯૮૦ની જૂની ફી યાદી નાબૂદ કરી નવી ચાર્જ

અનુ પાના નં.૨ પર

# અયોધ્યાન રામ મંદિર ટ્રસ્ટે પીએમઓને હિસાબ આપવાનો કર્યો સ્પષ્ટ ઈન્કાર

**સમય સંદેશઃ નવીદિલ્હી**

અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા ચડાવવામાં આવેલા કરોડો રૂપિયાના રોકડ દાન અને સોના-ચાંદીના દાગીનામાં હેરાફેરીનો મામલો હવે દેશના સૌથી મોટા નાણાકીય વિવાદો પૈકીનો એક બનતો જઈ રહ્યો છે. આ વચ્ચે હવે અયોધ્યાના રામ મંદિરમાં દાન અને ચઢાવામાં હેરાફેરી અને ચોરી મામલે એક નવો ખુલાસો થયો છે. શ્રીરામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે વડાપ્રધાન કાર્યાલય તરફથી જિલ્લા વહીવટીતંત્રને મોકલવામાં આવેલા પત્ર પર એસઆઈટી તપાસનો હવાલો આપીને પોતાની આવક-ખર્ચ, દાન, બેંક ખાતાઓ, જમીનની લેણદેણ અને સંપત્તિ અંગેની કોઈપણ નાણાકીય માહિતી આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. આ વિવાદની શરૂઆત અયોધ્યાના સ્થાનિક ભાજપ નેતા ડો. રજનીશ સિંહ દ્વારા કરવામાં આવેલી ફરિયાદથી થઈ હતી. ભાજપ નેતાએ રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના નાણાકીય વ્યવહારો, દાન-ચઢાવો અને જમીનના ખરીદ-વેચાણમાં ગેરરીતિઓને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બે વાર પત્ર લખ્યા હતા. તેમણે પહેલીવાર ૯ જૂનના રોજ અને ત્યારબાદ ૧૨ જૂને બીજો પત્ર લખીને PMO પાસે એવી માગ કરી હતી કે મંદિર ટ્રસ્ટને તેની શરૂઆતથી જ તમામ નાણાકીય વ્યવહારો, સમર્પણ નિધિ, સોના-ચાંદીનું યોગદાન, બેંક ખાતાઓ, ઓડિટ અહેવાલો અને સંપત્તિઓની તમામ વિગતો સાર્વજનિક કરવાનો નિર્દેશ આપવામાં આવે, જેના પગલે ગત ૧૩ જૂને આ મામલે SITની રચના કરી દેવામાં આવી હતી. ભાજપના નેતાના આ પત્રોની ગંભીર નોંધ લેતા PMO એ આ ફરિયાદ તપાસ માટે અયોધ્યા જિલ્લા વહીવટીતંત્રને મોકલી આપી હતી, જેના આધારે જિલ્લા વહીવટીતંત્રે આ મામલે શ્રી રામ મંદિર ટ્રસ્ટનો સંપર્ક કર્યો હતો. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ૨૩ જૂને અયોધ્યાના એડીએમ (વહીવટ) વિશુ રાજાને લખેલા પત્રમાં એડીએમ (કાયદો-વ્યવસ્થા) ઈન્દ્રકાંત દ્વિવેદીએ જણાવ્યું હતું કે તેમણે ફરિયાદમાં ડખઘ દ્વારા માગવામાં આવેલી સંપત્તિ અને દાનની માહિતી મેળવવા માટે રામ મંદિર ટ્રસ્ટના ચંપત રાયનો સીધો સંપર્ક સાધ્યો હતો. જોકે, અયોધ્યા એડીએમ (કાયદો-વ્યવસ્થા) ઈન્દ્રકાંત દ્વિવેદીના જણાવ્યા પ્રમાણે, ટ્રસ્ટના ચંપત રાયે દાનનો હિસાબ આપવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે વહીવટીતંત્રને જણાવ્યું કે હાલમાં આ સમગ્ર કૌભાંડ અંગે SIT તપાસ ચાલી રહી છે અને તપાસ પેનલ જ તમામ જરૂરી રેકોર્ડ અને કાગળો એકત્રિત કરી રહી હોવાથી, આ તબક્કે વહીવટીતંત્ર દ્વારા માગવામાં આવેલી વિગતો આપી શકાય તેમ નથી. ભાજપ નેતા દ્વારા કરાયેલી આ ફરિયાદમાં ''સમર્પણ નિધિ'' અભિયાનનું ભંડોળ, વિવિધ માધ્યમોથી મળેલું દાન, જમીન ખરીદી અને મંદિર નિર્માણ પાછળ થયેલા ખર્ચની ઓડિટ તપાસ કરવાની માગ કરવામાં આવી છે જે હવે ભારે ચર્ચા જગાવી રહી છે.



# કેન્દ્ર સરકારે ગુજરાતના ૧૭ અધિકારીઓને IAS કેડરમાં નિયુક્તીને આપી મંજૂરી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

ગુજરાત રાજ્યની વહીવટી સેવાના કુલ ૧૭ અધિકારીઓને ભારતીય વહીવહટી સેવામાં બઢતી આપવા બાબતે કેન્દ્ર સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે ગુજરાત કેડરના ૧૭ અધિકારીઓની IASમાં નિમણૂંકને આપી મંજૂરી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૫ની પસંદગી યાદી અંતર્ગત રાજ્ય વહીવટી સેવાના અધિકારીઓને નિમણૂંક આપવામાં આવેલી છે. નવી નિમણૂંક પામેલા અધિકારીઓને ટૂંક સમયમાં જ પોસ્ટિંગ અપાશે.

મળતી માહિતી મુજબ નિમણૂંક પામેલા અધિકારીઓમાં આરએન કુછરા, આરપી પટેલ, સીબી ગણાત્રા, સીએ ગાંધી, બીએન પટેલ, એમકે જોશી, એકે જોશી, કેએસ ઝાલા, વીકે જાદવ, ડીકે પટેલ, બીએચ પટેલ, આઈઆર વાળા, એમડી ચૂડાસમા, બીએસ પ્રજાપતિ, વીજી પટેલ, એકે વસતાણી અને પીબી રાઠોડનો સમાવેશ થાય છે. નોટિફિકેશનમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે આ નિયુક્તિઓ ગુજરાત હાઈકોર્ટમાં પેન્ડિંગ કેટલીક વિશેષ નાગરિક અરજીઓના અંતિમ ચુકાદાઓને આધીન રહેશે. એટલે કે, સંબંધિત કેસોના પરિણામ બાદ જરૂરી હોય તો આગળની કાર્યવાહી થઇ શકે છે.

નિમણૂંક મેળવેલા તમામ અધિકારીઓ હાલ પ્રોબેશન પર રહેશે. આ ઉપરાંત તેમની સિનિયોરિટી અને એલોટમેન્ટ વર્ષ

અનુ પાના નં.૨ પર

# સુરત પછી વધુ એક યુવકનું કતાર પ્લાન્ટ બ્લાસ્ટમાં મોત

## શનિવાર સુધીમાં મૃતદેહ ખંભાળિયા પહોંચે તેવી સંભાવના

**સમય સંદેશઃ ખંભાળિયા**

કતારના સૌથી મોટા ગેસ પ્લાન્ટ 'રાસ લાફાન'ના કગત્રહ્ર પ્રોડક્શન અને એક્સપોર્ટ હબમાં રવિવારે (૨૧ જૂન) સાંજે એક ભયાનક બ્લાસ્ટ દુર્ઘટના સર્જાઈ હતી. આ વિસ્ફોટની અડફેટે આવી જતાં ગુજરાતના બે યુવાનોના કરૂણ મોત નીપજ્યા છે, જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના હર્ષદપુરના ૩૧ વર્ષીય કિરીટ જયંતીભાઈ કણજારીયા અને



સુરતના ડુમ્મસ વિસ્તારના સની પટેલનો સમાવેશ થાય છે. આ હૃદયદ્રાવક ઘટનાને પગલે બંને મૃતક યુવાનોના પરિવાર અને સ્થાનિક સમાજમાં ભારે શોકની કાલીમા છવાઈ ગઈ છે.

ખંભાળિયાના મૃતક કિરીટ કણજારીયા પોતાના પરિવારના ભરણપોષણ માટે છેલ્લા બે વર્ષથી કતારમાં રહીને મહેનત કરતા હતા. તેઓ દર ત્રણ-ચાર મહિને ટૂંકી રજાઓમાં વતન આવતા હતા. તેમના આકસ્મિક અવસાનથી તેમની પત્ની, એક ૬ વર્ષનો દીકરો અને દોઢ વર્ષની દીકરીએ પિતાનો સાથ ગુમાવ્યો છે. બીજી તરફ, સુરતના સની પટેલ પણ બ્લાસ્ટ બાદ છેલ્લા ૪૮ કલાકથી ગુમ હતા, જેમના મોહિત થવાની પુષ્ટિ તેમના ભાઈ રવિએ મૃતદેહની ઓળખ કરીને કરી છે. બંને યુવાનોના પાર્થિવ

અનુ પાના નં.૨ પર

# જામનગરના કાલાવડના લક્ષ્મીપુર (દુધાળા) ગામે સરકારી તળાવની જમીન પરના બિનઅધિકૃત બાંધકામ મામલે જામનગર કલેક્ટરશ્રી સમક્ષ 'લેન્ડ ગ્રેબિંગ એક્ટ' હેઠળ અરજી દાખલ કરાઈ




## કાલાવડ મામલતદાર કોર્ટ દ્વારા જમીન મહેસૂલ અધિનિયમની કલમ-૬૧ હેઠળ સામાવાળાઓને દંડ અને દબાણ મુક્ત કરવાનો હુકમ કરાયો હતો

**સમય સંદેશઃ જામનગર**

આ કામના સામાવાળે કાલાવડ તાલુકાના મો.જે. લક્ષ્મીપુર (દુધાળા) ગામના સરકારી પડતર સ.નં.૨૦૯ વાળી જમીનમાં બિન અધિકૃત દબાણ રીતે ૨૩૭૮-૦૦ ચો.મી. જેટલ બિનખેતી વિષયક દાબળ કરી લેતા આ કામના ફરીયાદીએ આ કોર્ટમાં રજુ કરેલ સાધનિક કાગળોના આધારે કેશ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

આ કામે કેસ રજીસ્ટરે લઈ આ કામના સામાવાળા તેમજ ફરીયાદીને નોટીસ કાઢવામાં આવેલ અને સુનવણી માટેની તા.૧૭/૦૨/૨૦૨૬ ની મુદત આપવામાં આવી. આ કામે ફેર મુદત તા.૨૪/૦૨/૨૦૨૬. ૧૦/૦૩/૨૦૨૬ ની મુકરર કરવામાં આવેલ છે. સદરહું મુદતે આ કામના સામાવાળા હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરેલ છે. જેથી વિશેષ રજુઆત ન હોય, તેમ માની આ કેસ ઠરાવ ઉપર લેવામાં આવ્યો.

આ કામના સામાવાળાને જમીન મહેસુલ કાયદાની કલમ ૬૧ હેઠળ નોટીસ મળી ગયેલ છે. તેમજ આ કામના સામાવાળાએ કાલાવડ તાલુકાના મો.જે. લક્ષ્મીપુર (દુધાળા) ગામના સરકારી પડતર સ.નં.૨૦૯ વાળી જમીનમાં બિનઅધિકૃત રીતે ૨૩૭૮-૦૦ ચો.મી. જેટલું

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..

### બજેટનું બેન્ડ !

હોર્મુઝ સ્ટ્રેટના અવરોધને કારણે વૈશ્વિક પુરવઠા શૃંખલાઓ ખોરવાઈ ગઈ છે, જેના કારણે ભારત સહિત ઘણા દેશોમાં ઊર્જા કટોકટી સર્જાઈ છે. ભારત ખાસ કરીને આયાત પર ઉચ્ચ નિર્ભરતાને કારણે પ્રભાવિત થાય છે. વૈશ્વિક ઉર્જા સંકટને કારણે દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં સતત વધારો થયા બાદ, સરકારે તાજેતરમાં ઘરેલુ રસોઈ ગેસના ભાવમાં પ્રતિ સિલિન્ડર રૂપિયા ૨૯નો વધારો કર્યો છે. આનો અર્થ એ થયો કે મોંઘવારીની ગરમી હવે સામાન્ય લોકોના રસોડામાં પહોંચી ગઈ છે, અને આગામી દિવસોમાં તે વધુ તીવ્ર બની શકે છે. આને કારણે ગૃહિણીના બજેટમાં ધૂમાડો શરૂ થયો છે. દરમિયાન, મૂળભૂત ઉદ્યોગોનો વિકાસ દર સાત મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો, જે દર્શાવે છે કે ઊર્જા કટોકટીની ઈતર ઔદ્યોગિક ઉત્પાદન પર પણ ગંભીર અસર પડી છે. સરકારી આંકડા દર્શાવે છે કે કોલસો, ક્રૂડ તેલ, કુદરતી ગેસ, રિફાઈનરી ઉત્પાદનો અને ખાતરોના ઉત્પાદન વૃદ્ધિમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. સ્ટીલ અને સિમેન્ટ ઉત્પાદનનો વિકાસ દર મે મહિનામાં અનુક્રમે ૫ ટકા અને ૮.૪ ટકા થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૭.૪ ટકા અને ૯.૭ ટકા હતો. આર્થિક નિષ્ણાતો કહે છે કે મે મહિનામાં વીજળી ઉત્પાદનમાં વધારો, જે ૧૯ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો, તેણે મૂળભૂત ઉદ્યોગોમાં એકંદર વૃદ્ધિને થોડો ટેકો આપ્યો. આનો અર્થ એ થયો કે જો વીજળી ઉત્પાદનને બાકાત રાખવામાં આવે, તો આ ઉદ્યોગોમાં ઉત્પાદનમાં એકંદર સંકલિત આંકડાઓ કરતા ઘણો વધારે છે. જો વર્તમાન પરિસ્થિતિમાં સુધારો નહીં થાય, તો તે માત્ર નિકાસ પર અસર કરશે નહીં, પરંતુ ડિમાન્ડ અને પુરવઠા વચ્ચેના વધતા જતા અંતરને કારણે સ્થાનિક ચીજ વસ્તુઓના ભાવમાં પણ વધારો કરશે. જોકે, આ કટોકટીને પહોંચી વળવા માટે સરકાર કોઈ નક્કર પગલાં લે તેવા કોઈ સંકેત દેખાતા નથી. એ વિડંબના છે કે જ્યારે સામાન્ય માણસ મોંઘવારીથી કચડાઈ રહ્યો છે, ત્યારે સરકાર એવું દર્શાવવાનો પ્રયાસ કરી રહી છે કે આવશ્યક ચીજ વસ્તુઓના ભાવ હજુ પણ નિયંત્રણમાં છે. આ માત્ર ગપ્પાબાજી છે જેમાં એનડીએ સરકાર નિપુણ છે. વર્તમાન કટોકટી માટે વૈશ્વિક પરિસ્થિતિઓ જવાબદાર હોઈ શકે છે, પરંતુ સરકાર દ્વારા તેને ઉકેલવા માટે અસરકારક પગલાં લેવાને બદલે જનતા પર બોજ નાખવાનું વાજબી ઠેરવી શકાય નહીં. એક સામાન્ય ગૃહિણી માટે પોતાના બજેટની સમતુલા જાળવવી હવે એક મોટો પડકાર છે.



## હાલારના હાલહવાલ



# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પાંચ સ્થળોએ જુગાર દરોડામાં ૧૬ જુગારીઓ ઝડપાયા

**સમય સંદેશઃ દ્વારકા**

મીઠાપુર તાબેના ગોરીયાળી ગામેથી એલસીબી પોલીસે ટપુભા કારાભા પુનસીયા, ગગાભા ભાયાભા કેર, પોલાભા આશાભા જગતિયા, નાયાભા આલાભા માણેક અને જસરાજભા તોર્યાભા માણેક નામના પાંચ શખ્સોને જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમતા રૂ. ૬,૧૫૦ ની રોકડ રકમ તથા મોબાઈલ અને મોટરસાયકલ મળી, કુલ રૂપિયા ૩૬,૬૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

ભાણવડ પોલીસે ટાઉન વિસ્તારમાંથી જાહેરમાં ગંજીપાના વડે જુગાર રમી રહેલા પ્રતિપાલસિંહ ભોજુભા જાડેજા, મામદ સુલેમાન કોરડીયા, અજીત ઓસમાણ સમા, ઘેલા મેઘાભાઈ વિંઝુડા અને જેસા આણંદભાઈ કારેણા નામના પાંચ શખ્સોને રૂ. ૧૯,૧૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

દ્વારકાના કોરાડા ગામેથી રોહિત રાજુ રાઠોડ અને શનિ મનોજ પરમારને તેમજ વરવાળા ગામે આવેલી એક હોટલ પાસેથી સંજય મનોજ પરમાર અને સાગર ભુરાભાઈ પરમારને જ્યારે નાગેશ્વર રોડ પરથી કમલેશ ગોવિંદ પરમાર અને હેમતભા સુરેશભા માણેક નામના શખ્સોને પોલીસે ચલણી નોટોના નંબર ઉપર એકી-બેકીનો જુગાર રમતા રોકડ, મોબાઈલ સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા.

# જામનગરમાં અનોખો શૈક્ષણિક યજ્ઞઃ અનાથ અને ઝૂંપડપટ્ટીના બાળકોને અપાશે મફત શિક્ષણ

**સમય સંદેશઃ જામનગર**

શિક્ષણને માત્ર વ્યવસાય નહીં પણ સામાજિક ઉત્તરદાયિત્વ માનતા જામનગરના નીલકંઠ નગર વિસ્તારમાં આવેલા 'રિદ્ધિ સિદ્ધિ ક્લાસિસ' દ્વારા એક અત્યંત પ્રશંસનીય અને અનોખો શૈક્ષણિક યજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. સમાજના વંચિત અને જરૂરિયાતમંદ બાળકો સુધી શિક્ષણનો પ્રકાશ પહોંચાડવાના આશય સાથે ક્લાસિસના સંચાલક આશિષ સર કારિયા દ્વારા બે વિશેષ સેવાકીય પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યા છે.

જે બાળકોએ પોતાના પિતા ગુમાવ્યા છે અને આર્થિક પરિસ્થિતિને કારણે ટ્યુશન કે ગુણવત્તાયુક્ત શિક્ષણથી વંચિત રહી જાય છે, તેવા તમામ બાળકોને રિદ્ધિ સિદ્ધિ ક્લાસિસમાં સંપૂર્ણપણે મફત શિક્ષણ આપવામાં આવશે. શહેરના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં રહેતા બાળકો શિક્ષણના મુખ્ય પ્રવાહમાં જોડાઈ શકે તે માટે દર રવિવારે વિશેષ શૈક્ષણિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. જેમાં બાળકોને અક્ષરજ્ઞાન (મૂળભૂત શિક્ષણ) આપવાની સાથે-સાથે દર રવિવારે શૈક્ષણિક કીટનું પણ વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે. આ શૈક્ષણિક યજ્ઞને વધુ વ્યાપક અને મજબૂત બનાવવા માટે રિદ્ધિ સિદ્ધિ ક્લાસિસના સંચાલક આશિષ સર કારિયાએ જામનગરના પ્રબુદ્ધ અને સેવાભાવી શિક્ષકોને ખુલ્લું આમંત્રણ આપ્યું છે.

જામનગરના જે શિક્ષકો રવિવારના દિવસે ફ્રી હોય અને સેવાના ભાગરૂપે આ ગરીબ તથા વંચિત બાળકોને ભણાવવામાં પોતાનું યોગદાન આપવા ઈચ્છતા હોય, તેઓને સંસ્થાનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી છે. આ સેવાયજ્ઞમાં જોડાવા અથવા વધુ માહિતી માટે નીચે આપેલા નંબરો પર આશિષ કારીયાનો સંપર્ક કરી શકાશે મો.નં.૮૭૮૦૬ ૯૩૫૯૧

# ભાણવડના આહિર અગ્રણીનું બીમારીના કારણે મૃત્યુ

## ડેમમાં ન્હાવા ગયેલા ખંભાળિયાના યુવાનનું ડૂબી જતા મૃત્યુ

**સમય સંદેશઃ ભાણવડ-ખંભાળિયા**

ભાણવડના ત્રણ પાટિયા વિસ્તારમાં રહેતા અને ભારતીય જનતા પાર્ટીના નિષ્ઠાવાન આગેવાન ખીમાભાઈ વિક્રમભાઈ જોગલ (ઉ.વ. ૫૩) ને છેલ્લા ત્રણેક વર્ષથી વિવિધ બીમારીઓના કારણે ચાલુ સારવાર વચ્ચે મૃત્યુ નિપજ્યું હતું. જે અંગેની જાણ મૃતકના પુત્ર કપિલભાઈ ખીમાભાઈ જોગલ (ઉ.વ. ૨૧)એ ભાણવડ પોલીસને કરી છે. તેમની અંતિમ યાત્રામાં મોટી સંખ્યામાં ગ્રામજનો, આગેવાનો, હોદ્દેદારો જોડાયા હતા.

આ ઉપરાંત ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં રહેતા કારૂભાઈ ભીખાભાઈ પરમાર નામના ૪૦ વર્ષના યુવાન ગત તા. ૨૨ ના રોજ અહીંના ઘી ડેમમાં નહાવા ગયા હતા, ત્યાં અકસ્માતે પાણીમાં ડૂબી જતાં તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ જયેશભાઈ કારૂભાઈ પરમારએ અહીં પોલીસને કરી છે.

### દાતાના યુવાન પર હુમલા અંગે ચાર સામે ફરિયાદ

ખંભાળિયા તાલુકાના દાતા ગામે રહેતા રઘુવીરસિંહ દોલુભા ચુડાસમા નામના ૩૨ વર્ષના સાથે કોઈ બાબતે બોલાચાલી કરી, આ જ ગામના હરદીપસિંહ નરેન્દ્રસિંહ જાડેજા, યુવરાજસિંહ વિક્રમસિંહ જાડેજા, ક્રિષ્નપાલસિંહ દીપસિંહ જાડેજા અને રાણા નાગડા ગઢવી નામના ચાર શખ્સોએ પ્લાસ્ટિકના કેબલના વાયર વડે બેફામ માર મારી, ઈજાઓ કર્યાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

# દેવભૂમિ દ્વારકા ભાજપના પૂર્વ પ્રમુખ ખીમભાઈ જોગલનું અવસાન

**સમય સંદેશઃ દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના પૂર્વ પ્રમુખ ખીમભાઈ જોગલનું બુધવારે રાત્રે અવસાન થયું હતું, તેમના નિધનથી ભાજપ કાર્યકરો અને સ્થાનિક આગેવાનોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ગઈકાલે સવારે તેમના વતનથી અંતિમયાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. ખીમભાઈ જોગલ ભાજપ જિલ્લા પ્રમુખ બન્યા તે પહેલા ભાણવડ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચૂક્યા હતા. તેમણે સરકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવામાં મહત્વનું યોગદાન આપ્યું હતું. કોરોના મહામારી દરમિયાન પણ તેમણે લોકોની ખૂબ સંભાળ લીધી હતી. તેમના કાર્યકાળ દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાજપ કાર્યાલય 'દ્વારકેશ કમલમ'ના કરોડો રૂપિયાના બિલ્ડીંગનો પાયો નખાયો હતો. આ ઉપરાંત, તેમના નેતૃત્વ હેઠળ દ્વારકા જિલ્લાની ખંભાળિયા અને દ્વારકા એમ બંને વિધાનસભા બેઠકો પર ભાજપે વિજય મેળવીને વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

# દ્વારકા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે રવિરાજસિંહ જાડેજાની વરણી



**સમય સંદેશઃ દ્વારકા**

ભારતીય જનતા પાર્ટીના શીર્ષ નેતૃત્વ દ્વારા ખંભાળિયાના રહીશ અને સક્રિય રાજપૂત સમાજના સક્રિય કાર્યકર એવા રવિરાજસિંહ મનુભા જાડેજા (ભાતેલ વારા)ની દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. રવિરાજસિંહ જાડેજાની આ વરણીને ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, હોદ્દેદારો અને કાર્યકરોએ આવકારી, તેમને શુભેચ્છાઓ પાઠવી હતી.

# ભાણવડમાં જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ ભાણવડ**



ભાણવડ પોલીસ પેટ્રોલીંગ કરી રહી હતી. તે દરમ્યાન શહેરની ઘેલાણી શેરીમાં કેટલાક શખ્સો ભેગા મળી જુગારનો અખાડો ચલાવતા હોવાની બાતમી મળતા પોલીસ ટીમ પહોંચી હતી. જુગારના અખાડા પર દરોડો પાડી જુગટુ ખેલતા પ્રતિપાલસિંહ જોરૂભા જાડેજા રે.ભાણવડ, મામદ સુલેમાન કોરડીયા રે. ભાણવડ, ઘેલા મેઘા વિંઝુડા રે. ભાણવડ, જેસા આણંદ કારેણા રે. ભેનેકવડ, અજીત ઓસમાણ સમા રે. વિજયપુર વાળાને ઝડપી લઈ પોલીસે ગંજીપતો તેમજ રોકડ ૧૯૧૮૦ ની મતા કબજે કરી હતી.

# સલાયામાં ગેરકાયદે ચાલતા વાહન ચાલકોને દંડ ફટકારતી મરીન પોલીસ



**સમય સંદેશઃ સલાયા**

સલાયા મરીન પોલીસ દ્વારા મેગા ટ્રાફિક ડ્રાઇવ યોજવામાં આવી હતી.જે અનુસંધાને સલાયા ચેક પોસ્ટ પાસે કડક ચેકીંગ હાથ ધર્યુ હતું.જેમાં પીઆઇ જે.એમ.ચાવડા તેમજ પોલીસ સ્ટાફ દ્વારા અનેક ગેરકાયદેસર કાગળો વિનાના અને વીમા વગરના વાહનોને દંડ ફટકારવામાં આવ્યો હતો.ટ્રાફિક નિયમન બાબતે પીઆઇ એ લાલ આંખ કરી વાહનોને નિયમ મુજબ ચલાવવા સ્પષ્ટ સંદેશ આપ્યો હતો.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### જુનિયર કોર્પોરેટરોમાં

(પાના નં. ૪ થી આગળ)

ક્યા અધિકારીનો સંપર્ક કરવો. જામનગરના તમામ ૬૪ કોર્પોરેટરો, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન અને મ્યુનિસિપલ કમિશનર સહિતના જવાબદાર અધિકારીઓ સાથે મેયરે દર મહિને એક સમીક્ષા બેઠક યોજવી જોઈએ. આ બેઠકથી વહીવટી પ્રશ્નો ઝડપથી ઉકેલાશે અને જો કોઈ કામ અટક્યું હોય તો તેની પાછળનું કારણ જાણી શકાશે. આ ઉપરાંત, કામચોર અધિકારીઓ સામે પગલાં લઈ શકાશે, જેથી પ્રજાને પ્રાથમિક સુવિધાઓ સમયસર મળી રહે અને નવનિયુક્ત કોર્પોરેટરો પણ લોકોની અપેક્ષાઓ પર ખરા ઉતરી શકે.

### લાંચ કેસમાં અરજી

(પાના નં. ૩ થી આગળ)

અરજી દાખલ કરી હતી. જોકે, આ કેસમાં સરકાર વતી વિશેષ જાહેર અભિયોજક (સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર) હેવેન્દ્ર ડો. મહેતાએ ધારદાર દલીલો રજૂ કરી હતી. કેસની ગંભીરતા અને હાલ ચાલી રહેલી તપાસના નાજુક તબક્કાને ધ્યાનમાં રાખીને જામનગરના એડિશનલ સેશન્સ જજ વી.પી. ચાવડાએ બંને લાંચિયા આરોપીઓની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

### વન વિભાગ એલર્ટ

(પાના નં. ૩ થી આગળ)

રાખવા અને પશુધનને સુરક્ષિત વાડામાં રાખવા અપીલ કરી હતી. અંધારામાં ખેતરો અને સીમ વિસ્તારમાં અવરજવર ટાળવાની પણ સૂચના અપાઈ હતી. દીપડો દેખાય કે તેની હિલચાલ અંગે કોઈ માહિતી મળે તો તાત્કાલિક વન વિભાગને જાણ કરવા જણાવાયું હતું. અધિકારીઓએ ગ્રામજનોને અફવાઓથી દૂર રહેવા અને ગભરાટ ફેલાવવાને બદલે સાવચેતી રાખવા અનુરોધ કર્યો હતો. વન વિભાગ દીપડાને સુરક્ષિત રીતે પકડવા માટે સતત કાર્યરત છે અને હાલ સમગ્ર વિસ્તાર પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

### મોહર્રમના જુલુસ

(પાના નં. ૧ થી આગળ)

ખાન, ઝંડા લહેરાવતા તાલીમ ખાન અને જાહિદ ખાન તેમજ ક્રેન માલિક ગોપાલ માળી સહિત ૪ શખ્સો વિરુદ્ધ બીએનએસની કલમ ૧૨૫, ૨૮૫, ૨૮૬ અને ૨૮૭ હેઠળ ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ હાથ ધરી છે. બીજી તરફ, મધ્ય પ્રદેશના જ શાજાપુર જિલ્લાના મક્સી પોલીસ સ્ટેશન વિસ્તારના ઝોકર ગામમાં પણ ૨૩ જૂનના રોજ મોહરમના જુલુસ દરમિયાન જૂથ અથડામણ અને લાકડીઓ વડે સામસામે ભારે મારામારી થઈ હોવાનો વીડિયો ગુરુવારે સામે આવતા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વણસી હોવાના સંકેતો મળ્યા છે. આ ઉપરાંત, પશ્ચિમ બંગાળના દક્ષિણ કોલકાતાના તારતલા ટ્રાન્સપોર્ટ ડેપો પાસે બુધવારે બપોરે એક નિર્માણાધીન ગોડાઉનનો વિશાળ શેડ અચાનક તૂટી પડતાં એક મોટી દુર્ઘટના સર્જાઈ છે. આ ભયાનક અકસ્માતમાં અત્યાર સુધીમાં ૫ નિર્દોષ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે, જ્યારે કાટમાળ નીચેથી ૨૦ લોકોને ભારે જહેમત બાદ બચાવી લેવાયા છે જેમાંથી બે ગંભીર ઈજાગ્રસ્તો આઈસીયુમાં સારવાર હેઠળ છે અને હજુ પણ ૧૦ થી ૧૫ લોકો દટાયા હોવાની આશંકા વચ્ચે યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશન ચલાવવામાં આવી રહ્યું છે.

### આરોગ્ય મંત્રી શ્રી પાનસેરિયા

(પાના નં. ૩ થી આગળ)

સમાજના છેવાડાના માનવી સુધી ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવા માટે 'ટીમ' બનીને કામ કરવા આહવાન કર્યું હતું. આ બેઠકમાં જામનગરના મેયર મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી, અગ્રણી બીનાબેન કોઠારી, મેડિકલ કોલેજના ડીન ડો. નંદીની દેસાઈ અને તબીબી અધિક્ષક ડો. વિજય પોપટ સહિત વિવિધ વિભાગોના વડાઓ તથા સિનિયર તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

### નો કોમ્પ્રોમાઇઝ

(પાના નં. ૧ થી આગળ)

છે. ગત ૬ ફેબ્રુઆરીના રોજ બંને દેશો કરારના વ્યાપક રૂપરેખા પર સંમત પણ થયા હતા. જોકે, હાલમાં બંને દેશોની વાટાઘાટોની ટીમો એવા કાનૂની અને નીતિગત સાધનો શોધવા પર કામ કરી રહી છે જેના દ્વારા વોશિંગ્ટન સત્તાવાર રીતે ભારતને અન્ય સાથી દેશો કરતા વેપારમાં વધુ સ્પર્ધાત્મક ધાર આપી શકે. પીયૂષ ગોયલે ટકોર કરી છે કે, ''જ્યાં સુધી આ સંતુલિત માળખું કાગળ પર સાબિત ન થાય, ત્યાં સુધી સોદો આગળ વધી શકે નહીં.''

### પાસપોર્ટ સંબંધીત

(પાના નં. ૧ થી આગળ)

યાદી લાગુ કરવાની સત્તાવાર જાહેરાત કરી છે. કેન્દ્ર સરકારે પાસપોર્ટ અને તેની સાથે જોડાયેલી સેવાઓના ચાર્જમાં મોટો વધારો કર્યો છે. દેશમાં પાસપોર્ટને નાગરિકતાના પુરાવા તરીકે માન્ય રાખવા અંગે ચાલી રહેલી ચર્ચા વચ્ચે વિદેશ મંત્રાલયે આ નિર્ણય લીધો છે. મંત્રાલયે પાસપોર્ટ (સુધારા) નિયમો, ૨૦૨૬ જાહેર કરીને નવી ફી વસૂલવાની મંજૂરી આપી દીધી છે.

નવા નિયમો મુજબ આગામી ૧ જુલાઈ ૨૦૨૬થી પાસપોર્ટના નવા દરો અમલમાં આવી જશે. આ ફેરફારને કારણે હવે સામાન્ય નાગરિકો માટે પાસપોર્ટ કઢાવવો ૨,૦૦૦ રૂપિયા સુધી મોંઘો થઈ શકે છે. સરકાર દ્વારા આ અંગેનું સત્તાવાર નોટિફિકેશન પણ બહાર પાડી દેવામાં આવ્યું છે.

આ નવી વ્યવસ્થા લાગુ થતાં જ નવો પાસપોર્ટ કઢાવવા, જૂનો પાસપોર્ટ રીન્યુ કરાવવા કે અન્ય સંબંધિત સેવાઓ માટે લોકોએ વહેલી તકે સુધારેલી ફી ચૂકવવી પડશે. આ માટે સરકાર વર્ષ ૧૯૮૦ની જૂની ફી યાદી (શેડ્યૂલ-ઈટ)ને કાયમ માટે હટાવીને નવી ચાર્જ યાદી લાગુ કરવા જઈ રહી છે.

### ૧૭ અધિકારીઓને

(પાના નં. ૧ થી આગળ)

નક્કી કરવા માટે ગુજરાત સરકારને જરૂરી દસ્તાવેજો મોકલવા માટેની સૂચના આપવામાં આવેલી છે. ઉપરોક્ત નિમણૂંક પામેલા તમામ અધિકારીઓને ટૂંક સમયમાં જ પોસ્ટિંક આપવામાં આવશે તેવા પણ અહેવાલ સામે આવી રહ્યા છે.

### બ્લાસ્ટમાં મોત

(પાના નં. ૧ થી આગળ)

દેહને તાત્કાલિક ભારત લાવવા માટે સરકારી તંત્ર અને ભારતીય એમ્બેસી સક્રિય બન્યા છે. ખંભાળિયાના સતવારા જ્ઞાતિના અગ્રણી અને રાજ્યસભા સાંસદ જીતેન્દ્રભાઈ કણજારીયાએ દિલ્હી વિદેશ મંત્રાલયમાં રજૂઆત કરી છે, જ્યારે દ્વારકાના અધિક જિલ્લા કલેક્ટર મેહુલ દેસાઇએ જણાવ્યું છે કે તંત્ર પરિવારના સતત સંપર્કમાં છે.

### હાપા અને ગાંધીનગર

(પાના નં. ૩ થી આગળ)

શાળાના સમયે આ સિટી બસની સેવા પ્રાપ્ત થાય તેવી માંગ પણ ઉઠી રહી છે ત્યારે મહાનગરપાલિકા અને સીટી બસના સંચાલકો દ્વારા મુસાફરોની માંગ અને વિદ્યાર્થીઓને વાલીની માંગ અંગે પણ વિચારણા કરી તે પ્રમાણે સીટી બસની સેવા કાર્યરત કરાય તે ઇચ્છનીય છે.

### ૭૭ લાખનો દારૂ

(પાના નં. ૩ થી આગળ)

એન.એચ. જોશીના વડપણ હેઠળ પી.એસ.આઈ. બી.એમ. દેવમુરારી, એમ.આર, સવસેટા, જગદીશભાઈ કરમુર, મુકેશભાઈ વાઘેલા, ખીમાણંદભાઈ આંબલીયા, પીઠાભાઈ, કુલદીપસિંહ, ગોવિંદભાઈ, જયપાલસિંહ અને સચિનભાઈ દ્વારા કરવામાં આવી હતી.

### લેન્ડ ગ્રેબિંગ એક્ટ

(પાના નં. ૧ થી આગળ)

બિનખેતી વિષયક બાબતનું દબાણ વગર પરવાનગીએ છેલ્લા અંદાજીત ૧૦ (દશ) વર્ષથી ઉપયોગ કરતા હોવાનું આ કામના ફરીયાદીએ જણાવેલ છે.

જામનગર જીલ્લાના કાલાવડ તાલુકાના લક્ષ્મીપુર (દુધાળા) ગામમાં આવેલી સરકારી અને કુદરતી તળાવની કિંમતી જમીન પરના બિનઅધિકૃત દબાણ મામલે હવે કાયદાનો ગાળિયો કસાયો છે. લક્ષ્મીપુર ગામના સરકારી પડતર સર્વે નંબર ૨૦૯ , જે સરકારી તળાવનો ખરાબો છે, તેના પર શ્રી લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ - લક્ષ્મીપુર દ્વારા આશરે ૨૩૭૮-૦૦ ચોરસ મીટર જેટલી સરકારી જમીન પર કમ્પાઉન્ડ વોલ અને પાકા બાંધકામો ખડકી દઈ બિનઅધિકૃત કબ્જો જમાવવામાં આવ્યો હોવાનું કાલાવડ મામલતદારની કોર્ટમા સાબિત થયું છે.

સામાવાળાએ મુદરે હાજર રહી લેખિત/મૌખિક રજુઆત કરેલ કે, અમો કાલાવડ તાલુકાના દુધાળા ગામના સરકારી પડતરના સ.નં.૨૦૯ વાળી જમીનમાં સમાજવાડી બનાવવા માટે કંપાઉન્ડ વોલ તથા પાકુ બાંધકામ કરી આશરે ૨૩૭૮-૦૦ ચો.મી. જમીનમાં બિનઅધિકૃત રીતે કબ્જો કરેલ હોવાનું કબુલ કરેલ છે. તેમજ સદરહું જમીન તેઓને આપવામાં આવેલ હોવાના કે જમીનની માલિકી બાબતોમાં તેમના કોઈ આધાર ન હોવાનું જણાવેલ છે.

સરકાર તરફે આ કામના ફરીયાદીએ એવી રજુઆત કરેલ છે કે, સામાવાળાનો કબ્જો સરકારી જમીનમાં ગેરકાયદેસર હોઇ દંડ લઇ દબાણ ખુલ્લું કરાવવા માંગણી કરેલ છે, સબબ, આ કામના સામાવાળાએ સરકારી જમીનનું દબાણ કર્યાનું સાબિતમાની નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

સરકારી મહેસૂલી કેસના રેકોર્ડ મુજબના સામાવાળાઓની શ્રી લેઉવા પટેલ સમાજ ટ્રસ્ટ, લક્ષ્મીપુર ના તમામ જવાબદાર કારોબારી સભ્ય જમનભાઈ જાદવભાઈ સખીયા, શ્રી ઘનશ્યામભાઈ વિઠ્ઠલભાઈ વેકરીયા, જમનભાઈ પરસોત્તમભાઈ તારપરા, ગોરધનભાઈ જાદવભાઈ સખીયા,સુરેશભાઈ લવજીભાઈ સખીયા,મનીષભાઈ વલ્લભભાઈ સખીયા, પરસોત્તમભાઈ હીરાભાઈ રાદડીયા, બાબુભાઈ ભીખાભાઈ તાળા, ભોવાનભાઈ ચનાભાઈ લુણાગરીયા, જમનભાઈ પોપટભાઈ સોજીત્રા, રશિકભાઈ વિઠ્ઠલભાઈ સખીયા, જેન્તીભાઈ નરશીભાઈ રાજપરા, અરવિંદભાઈ વશરામભાઈ સખીયા, રાજેશભાઈ જેઠાભાઈ કપુરીયા, બાબુભાઈ નાનજીભાઈ સખીયા, જયસુખભાઈ નાનજીભાઈ સખીયા, મુળજીભાઈ લવજીભાઈ સખીયા, નીતિનભાઈ વિઠ્ઠલભાઈ સખીયા, મહેશભાઈ ગોવિંદભાઈ તારપરા, ગિરધરભાઈ પોપટભાઈ તારપરા,મુકેશભાઈ ધીરજભાઈ વસોયા આ તમામ રહેવાસીઃ ગામ લક્ષ્મીપુર, તા. કાલાવડ, જી. જામનગર

આ કામના સામાવાળાએ કાલાવડ તાલુકાના મો.જે. લક્ષ્મીપુર (દુધાળા)ગામના સરકારી પડતર સ.નં.૨૦૯ આકાર રૂ.૦-૦૦ વાળી કુલ હે. ૭-૭૭-૨૬ ચો.મી જમીન પૈકી ૨૩૭૮-૦૦ ચો.મી. જમીનમાં બિનઅધિકૃત રીતે છેલ્લા ૧૦ (દશ) વર્ષથી બિનખેતી વિષયક હેતુ માટે બાંધકામ કરી દબાણ કર્યાનું સાબિત માનવામાં આવે છે. અને સ.નં.૨૦૯ (જુના સ.નં.૨૬૩ પૈકી)ની ખેતીની જમીનનો પિયત જંત્રીદર પ્રતિ ચો.મી.૩૭/- છે. પ્રવર્તમાન જોવગાઈ મુજબ બે ગણા કરતાં જંત્રીદર પ્રતિ ચો.મી.૭૪/-થાય છે. આમ, સવાલવાળી જમીન ચો.મી.૨૩૭૮-૦૦. ડ રૂ.૭૪/- જંત્રી મુજબ રકમ રૂ. ૧૭૫૯૭૨/- ના ૧ % લેખે રકમ રૂ. ૧૭૬૦/- જે એક વર્ષના થાય છે. જે મુજબ ૧૦ (દશ) વર્ષના રકમ રૂ. ૧૭૬૦/-ડ ૧૦ વર્ષ = રૂ. ૧૭૬૦૦/- (સત્તર હજાર છ સો પુરા) દંડનો તેમ ઇત્તર વેરાઓ લેવા અને દબાણવાળી જમીન ખુલ્લી કરવા હુકમ કરવામાં આવેલ છે.

# આરોગ્ય મંત્રી શ્રી પાનસેરિયાએ બેઠક યોજીઃ જીજી હૉસ્પિટલની આરોગ્ય સુવિધાઓ સુદ્રઢ કરવા મંથન










તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જામનગરની જીજી સરકારી હોસ્પિટલની મુલાકાત લીધી હતી. તેમણે હોસ્પિટલના વિવિધ વિભાગોના વડાઓ સાથે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય હોસ્પિટલની આરોગ્ય સુવિધાઓને વધુ સુદ્રઢ, આધુનિક અને લોકાભિમુખ બનાવવાનો હતો.

બેઠક દરમિયાન હોસ્પિટલના તબીબી અધિક્ષક ડો. વિજય પોપટ અને ડીન ડો. નંદીની દેસાઈએ પ્રેઝન્ટેશન દ્વારા હોસ્પિટલની કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. જેમાં મંજૂર મહેકમ, દૈનિક ઓ.પી.ડી., ઇન્ડોર દર્દીઓની સંખ્યા, પેરા મેડિકલ, નર્સિંગ અને એડમિન સ્ટાફની વિગતો તેમજ હોસ્પિટલની ઐતિહાસિક પૃષ્ઠભૂમિની માહિતી આપવામાં આવી હતી. ઉપલબ્ધ આધુનિક સુવિધાઓ અને વિવિધ વિભાગોની કાર્યપ્રણાલીની પણ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી. મંત્રીએ વિવિધ વિભાગના વડાઓ દ્વારા રજૂ કરાયેલી વહીવટી અને માળખાકીય માંગણીઓને હકારાત્મક રીતે સાંભળી હતી. તેમણે આ માંગણીઓને સત્વરે પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. તબીબો અને સ્ટાફને પ્રોત્સાહિત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, તબીબી ક્ષેત્ર માનવતા અને શ્રેષ્ઠ કર્મ કરવાનું ઉત્તમ માધ્યમ છે. તેમણે કોરોના સહિતની આફતોમાં સરકારી હોસ્પિટલોની ભૂમિકાની પ્રશંસા કરી. મંત્રીએ હોસ્પિટલ પરિસરને શ્રેષ્ઠતમ અને દર્દી-સ્નેહી બનાવવા, ઉચ્ચ કક્ષાની સ્વચ્છતા જાળવવા અને

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લા સહકારી બેંક ખેડૂતોને ૧૦ લાખનું અકસ્માત વીમા કવચ આપશે

**સમય સંદેશઃ જામનગર**

ખેડૂતોના હિત અને કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતી જામનગર જિલ્લા સહકારી બેંક લિમિટેડ દ્વારા ખેડૂતો માટે એક મહત્વપૂર્ણ અને લોકકલ્યાણકારી નિર્ણય લેવામાં આવ્યો છે. બેંક સાથે સંકળાયેલા ખેડૂતોને અગાઉ અકસ્માત વીમા યોજના હેઠળ રૂ.૫ લાખનું વીમા કવર આપવામાં આવતું હતું, જેમાં હવે રૂ. ૫ લાખનો વધારો કરવામાં આવતા કુલ વીમા સુરક્ષા કવર રૂ.૧૦ લાખ કરવામાં આવ્યું છે.

જામનગર જિલ્લા સહકારી બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા લેવામાં આવેલા આ ઐતિહાસિક નિર્ણયથી જિલ્લાના હજારો ખેડૂતો અને તેમના પરિવારોને વધુ મજબૂત આર્થિક સુરક્ષા પ્રાપ્ત થશે. કોઈપણ દુર્ભાગ્યપૂર્ણ અકસ્માતની સ્થિતિમાં ખેડૂત પરિવારને આર્થિક સહારો મળી રહે અને મુશ્કેલીના સમયમાં પરિવારને સંકટનો સામનો કરવામાં રાહત મળે તે હેતુથી આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું બેંક દ્વારા જણાવાયું છે.

બેંકના ચેરમેન જીતેન્દ્રકુમાર એચ. લાલના માર્ગદર્શન તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સહયોગથી અમલમાં મૂકાયેલ આ યોજના ખેડૂતોના જીવનમાં સુરક્ષાની નવી આશા જગાવનાર સાબિત થશે. આ નિર્ણય માત્ર વર્તમાન સમયના ખેડૂતો માટે જ નહીં, પરંતુ તેમના પરિવાર અને આગામી પેઢીના ભવિષ્યને પણ વધુ સુરક્ષિત અને સશક્ત બનાવશે. જામનગર જિલ્લા સહકારી બેંક વર્ષોથી ખેડૂતોના સર્વાંગી વિકાસ, આર્થિક સશક્તિકરણ અને કલ્યાણ માટે સતત કાર્યરત રહી છે.

ખેડૂતોને વધુ સારી બેંકિંગ સેવાઓ, કલ્યાણકારી યોજનાઓ અને સુરક્ષા આધારિત લાભો ઉપલબ્ધ થાય તે માટે બેંક સતત પ્રયત્નશીલ રહી છે. બેંકના ચેરમેન જીતેન્દ્રકુમાર એચ. લાલ તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સે જણાવ્યું હતું કે ખેડૂતોના હિત માટે ભવિષ્યમાં પણ વધુ લાભદાયી અને કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકવામાં આવશે, જેથી સહકારી ક્ષેત્ર વધુ મજબૂત બને અને ખેડૂતોનો વિકાસ વધુ ગતિશીલ બને. ખેડૂતોને આર્થિક સુરક્ષા પ્રદાન કરવા તરફનું આ પગલું સહકારી ક્ષેત્રમાં એક પ્રેરણાદાયી પહેલ તરીકે જોવામાં આવી રહ્યું છે અને ખેડૂતોમાં પણ આ નિર્ણયને આવકાર મળ્યો છે.

# જામનગર વનવિભાગે ગ્રામજનોને સલામતી અંગે માર્ગદર્શન આપ્યુંઃ મોખણા ગામમાં બે દિવસ પહેલા દીપડો દેખાયો હતો; વન વિભાગ એલર્ટ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર તાલુકાના મોખણા ગામના સીમ વિસ્તારમાં બે દિવસ પહેલાં રાત્રિના સમયે દીપડો દેખાયો હતો. આ ઘટના બાદ વન વિભાગ સતર્ક બન્યું છે. દીપડાની હિલચાલ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને તેને સુરક્ષિત રીતે પકડવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વન વિભાગની ટીમ છેલ્લા બે દિવસથી મોખણા ગામ અને આસપાસના વિસ્તારોમાં સતત પેટ્રોલિંગ કરી રહી છે. દીપડાની અવરજવર પર નજર રાખવા માટે સંવેદનશીલ સ્થળોએ પિંજરા ગોઠવવામાં આવ્યા છે અને કર્મચારીઓ દ્વારા સતત દેખરેખ રાખવામાં આવી રહી છે.

આ દરમિયાન, ૨૪ જૂનના રોજ રાત્રિના સમયે મોખણા ગામમાં વન વિભાગના અધિકારીઓ અને ગ્રામજનો વચ્ચે એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અધિકારીઓએ ગ્રામજનોને દીપડાથી બચવા માટે જરૂરી સાવચેતીના પગલાં અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.



તસવીરઃ હિરેન ગાંધી



વન વિભાગે ગ્રામજનોને રાત્રિના સમયે એકલા બહાર ન નીકળવા, નાના બાળકો પર વિશેષ ધ્યાન

અનુ પાના નં.૨ પર

# પીજીવીસીએલના નાયબ ઈજનેર, લાઈનમેનના જામીન નામંજૂરઃજામનગર કોર્ટે લાંચ કેસમાં અરજી ફગાવી





## રૂ. ૮૦ હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં લાંચના ગુનામાં ઝડપાયેલા પીજીવીસીએલના નાયબ ઈજનેર (ડેપ્યુટી એન્જિનિયર) અને લાઈનમેનને કોર્ટમાંથી કોઈ રાહત મળી નથી. જામનગરની વિશેષ અદાલતે બંને આરોપીઓની જામીન અરજી નામંજૂર કરી છે. ફરિયાદ અનુસાર, જામનગર તાલુકાના નાની ખાવડી ગામના એક અરજદારે પોતાના ગેસ્ટ હાઉસ માટે નવા થ્રી-ફેઝ વીજ જોડાણ માટે પીજીવીસીએલની શાપર પેટા વિભાગીય કચેરીમાં અરજી કરી હતી. આ કાર્યવાહી લાંબા સમયથી અટવાયેલી હતી. નવો થાંભલો ઊભો કરી મોટર જોડાણ આપવા બદલ શાપર પેટા વિભાગના વર્ગ-૧ ના નાયબ ઈજનેર ઋષિ દિનેશચંદ્ર પરમારે રૂ. ૧ લાખની લાંચની માંગણી કરી હતી. રકઝક બાદ રૂ. ૮૦ હજારની રકમ લાંચ તરીકે નક્કી કરવામાં આવી હતી. અરજદાર લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરોનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ, ૧૭ જૂન, ૨૦૨૬ ના રોજ મોટી-ખાવડી-જામનગર-બાલાચડી હાઈવે રોડ પર છટકું ગોઠવવામાં આવ્યું હતું. આ છટકામાં પીજીવીસીએલ શાપર પેટા વિભાગના લાઈનમેન મહેશભાઈ ડુંગરામ પ્રજાપતિ ફરિયાદી પાસેથી રૂ. ૮૦ હજારની લાંચ સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. તપાસ દરમિયાન નાયબ ઈજનેર ઋષિ પરમારની સંડોવણી પણ સામે આવતા બંને સામે ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી. આ કેસમાં જામનગર એસીબી પોલીસ મથકે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ (સુધારા ૨૦૧૮) ની કલમ ૭, ૧૨ અને ૧૩(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. જેલના સળિયા પાછળ ધકેલાયેલા બંને આરોપીઓએ જામનગરની વિશેષ અદાલતમાં જામીન મુક્ત થવા માટે

અનુ પાના નં.૨ પર

# ગઢની રાંગના વિસ્તારમાં અશાંત ધારાની માંગણી





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના જુના રાજાશાહીના સમયના વિસ્તારો જેવા કે, સંઘાડીયા બજાર, પતંગીયા ફળી, પાટોડી શેરી, દવાભાણાની શેરી, લુહારસાર, ભટ્ટફળી, ખવાસ ગોરની શેરી, ઝંડુ ભટ્ટની શેરી, ગરબી ફળી, સઈની મની, ભગવાનસંગ બાપુની શેરી, ટાંક ફળી, મંડળ ફળી, હનુમાન સામેની શેરી, ખારવા ચકલો, છીપાવાડ, શેઠ -જનમનાદાસવાળી શેરી, ટીંબા ફળી, ધ્રુવ ફળી, સેતાવાડ, જેવા વિસ્તારોના વાદ-વિવાદ, ઝઘડાથી થાકીને હિન્દુ સમાજના લોકો ત્યાંના સ્થાનિક સ્થળાંતર કરી રહ્યા છે.

જેથી તમામ વિસ્તારોમાં વસતા લોકો તાજેતરમાં જાગનાથ મહાદેવ મંદિર ખાતે એક સંમેલનરૂપે એકઠા થયા હતા અને થા પોતાના વિસ્તારમાં ગુજરાત અશાંત ધારો લાગુ થાય તેવી માંગણી કરી હતી. કોર્પોરેટર મનિષભાઈ કનખરા, જેના અનુસંધાને લોકોએ પુર્વ અશ્વિનભાઈ રાયઠઠ્ઠા, નિલેશ સોની, મૃગેશ આચાર્ય, જયેશભાઈ મણિયાર, કિશોરભાઈ કારેલીયા, કિર્તિભાઈ પરીખ, આનંદભાઈ સોલંકી વગેરેની આગેવાનીમાં ૭૯- વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય, જિલ્લા કલેક્ટર પી. બી. પંડયા સમક્ષ જઈને મૌખિક માંગણી કરી છે. હવે આ મુદ્દે હિન્દુ સમાજના નાગરિકો દ્વારા આ વિસ્તારોમાં ગુજરાત અશાંત ધારો લાગુ કરવાની જે તે શેરીઓ અને લત્તાદીઠ અરજીઓ દાખલ કરશે.

# નયારા એનર્જી દ્વારા ઘનકચરાના માટે ૧૧ ઈ-રિક્ષાઓનો સહયોગ

## રિફાઈનરી નજીકના ૧૧ ગામોના પરિવારોને ડોર-ટુ -ડોર ગાર્બેજ કલેક્શનની સુવિધા મળશે

**સમય સંદેશઃ જામનગર**

આંતરરાષ્ટ્રીય કક્ષાની સંકલિત ડાઉનસ્ટ્રીમ એનર્જી અને પેટ્રોકેમિકલ્સ કંપની નયારા એનર્જી દ્વારા તેની રિફાઇનરીની નજીક આવેલા ૧૧ ગામોને ડોર-ટુ -ડોર ગાર્બેજ કલેક્શનની સુવિધા મળી રહે એ માટે ૧૧ ઈ-રિક્ષાઓનો સહયોગ ગ્રામ પંચાયતોને આપવામાં આવ્યો છે.

સ્વચ્છ હાલાર ગ્રામીણ પ્રોજેક્ટ હેઠળ નયારા એનર્જીએ આ પહેલ થકી ગ્રામીણ વિકાસમાં કચરા વ્યવસ્થાપન પ્રણાલીને એક વ્યૂહાત્મક વેગ મળે એ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. ઘરગથ્થું કચરો એકઠો થાય અને તેનો નિકાલ યોગ્ય રીતે થઇ શકે એ માટે પર્યાવરણીય રીતને પ્રોત્સાહિત



કરવા ૧૧ ઇલેક્ટ્રિક રિક્ષાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામ પંચાયતોને આ રિક્ષાઓની ફાળવણી કરાઈ હતી.

સમુદાય માલિકીની આ પ્રણાલી અંતર્ગત આ વાહનો જામનગર તથા દેવભૂમિ દ્વારકા જિલ્લાના સીંગચ, મોડપર, નાના આંબલા, મોટા આંબલા, નાના માંઢા, મોટા માંઢા, વડાલિયા સિંહણ, કાકાભાઈ સિંહણ, કજુરડા, ટીમ્બડી અને કાઠી દેવળિયા જેવી ગ્રામ પંચાયતોને ફાળવવામાં આવ્યા છે. આ વાહનો દ્વારા, ૧૧ ગામોના સમગ્ર પરિવારોને ઘરે ઘરે કચરો સંગ્રહ કરવાની સુવિધા મળશે. નયારા એનર્જી દ્વારા તેની કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગ રૂપે કરવામાં આવી રહેલ કાર્ય ગ્રામીણ વિસ્તારોમાં પ્રશંસનીય બન્યું છે.

નયારા એનેર્જી દ્વારા અપાયેલા ૧૧ ઇલેક્ટ્રિક વાહનોમાં ભીનો અને સૂકો કચરો એકત્ર કરવા બે કમ્પાર્ટમેન્ટ, બધા વાહનોમાં જીપીએસ અને માઈકની સિસ્ટમ, ગ્રામ પંચાયતોને માલિકી ધોરણે આપી હોવાથી તેની જાળવણી માટે ૫ વર્ષની વોરંટી વગેરે જેવી સુવિધા મળી છે. ડોર-ટુ -ડોર ગાર્બેજ કલેકશનની સેવામાં કાર્યક્ષમતાને સક્ષમ બનાવવા માટે એક અમલીકરણ સંસ્થાની સીધી દેખરેખ રહેશે. નયારા એનજીર્ની આ પહેલથી ગ્રામ પંચાયતોને ભાડેથી વાહનો મેળવવા જેવી ખર્ચાળ પધ્ધતિમાંથી રાહત મળશે.

# હાપા અને ગાંધીનગર રેલ્વેસ્ટેશનેથી સિટી બસ સેવા શરૂ કરવા માંગણી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સીટી બસ સેવા શરૂ થયાની સાથે જ વધુ ડિમાન્ડો ઉઠી રહી છે ખાસ કરીને ગાંધીનગર રેલ્વે સ્ટેશન અને હાપા રેલવે સ્ટેશન ઉપર જ્યારે ટ્રેનના સમયે ધ્યાને રાખીને ખાસ સિટી બસ દોડાવવામાં આવે અને રાતના સમયે જે ટ્રેનનો આવે છે તેવા સમયે જો સીટી બસની સેવા મળે તેવી માંગ મુસાફરો દ્વારા ઉઠી રહી છે તેમજ શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને તેના વાલીઓ દ્વારા પણ શાળાના સમયે સીટી બસ ન રૂટો શરૂ આવે તેવી માંગ કરી રહ્યા છે આમ જોઈએ તો જામનગર મહાનગરપાલિકા દ્વારા ઘણા સમય પછી આ પ્રકારની સીટી બસ સેવા જુદા જુદા વિસ્તારમાં કાર્યરત કરાય છે તેની નો લાભ પણ ધીમે ધીમે લોકો આ બસની મુસાફરી કરીને લઈ રહ્યા છે ત્યારે શાળા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એસટી બસ સ્ટેન્ડ થી બીકેવી કોલેજ પંચોટી કોલેજ સુધી બસ સેવા શરૂ કરવામાં આવે તેવી માંગ કોલેજના વિદ્યાર્થીઓ કરી રહ્યા છે. સાથે સાથે નગર થી વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીઓ અને તેના વાલીઓ દ્વારા પણ સીટી બસની સેવા સ્કૂલ

અનુ પાના નં.૨ પર

# ઓખામાંથી ૭૭ લાખનો દારૂ પકડાયો

**સમય સંદેશઃ ઓખા**

ઓખાના ગાંધીનગરી વિસ્તારમાં રહેતા હસમુખ ઉર્ફે કાળો મહેન્દ્રભાઈ ઝાખરીયા નામના શખ્સના રહેણાંક મકાનમાં એલસીબી પોલીસે દરોડો પાડતા આ સ્થળેથી ઉપરોક્ત શખ્સ દ્વારા વિદેશી દારૂનો જથ્થો વેંચાણ અર્થે મંગાવીને સંગ્રહિત કરવામાં આવ્યો હોવાનું ખુલવા પામ્યું હતું.




આ સ્થળેથી પોલીસે વોડકા તેમજ દારૂના ચપટાની કુલ ૭૫ બોટલ કબ્જે કરી હતી. જેની કિંમત રૂપિયા ૭૭,૫૦૦ ગણવામાં આવી છે. જો કે દરોડા દરમિયાન આરોપી પોલીસને હાથ લાગ્યો ન હતો. જે અંગે ઓખા મરીન પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે. આ સમગ્ર કાર્યવાહી એલસીબીના ઈન્ચાર્જ પી.આઈ.

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં કલાત્મક તાજીયાના નિર્માણને આખરી ઓપ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં મુસ્લિમ સમાજની વિવિધ તાજીયા કમિટિ દ્વારા દર વર્ષની માફક આ વખતે પણ મોહરમ નિમિત્તે તાજીયાનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ તાજીયાઓને બુધવારે આખરી ઓપ આપવામાં આવ્યો હતો. આ લખાઈ રહ્યું છે તે સ્થિતિએ જુદા-જુદા વિસ્તારમાં વાયેઝના કાર્યક્રમો યોજાયા હતા.



તસવીરઃ હિરેન ગાંધી

# જામનગરમાં ઘરમાં ઘૂસી વયોવૃધ્ધની છરીના ઘા ઝીંકી ક્રુરતા પૂર્વક હત્યા

## ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા બાદ મૃત્યું નિપજતાં બનાવ હત્યામાં પલટાયોઃ પોલીસે ગુન્હો નોંધી તપાસ હાથ ધરીઃ નજીવી બાબતના મનદુઃખમાં કરાઈ હત્યા

## શહેરના સરૂસેકશન રોડ પર આવેલ ફિયોનીકા સોસાયટીમાં રહેતાં વજસીભાઈ વારોતરિયા પોતાના ઘરે ખાટલા ઉપર બેઠા હતાં ત્યારે સાગર વસરા નામના શખ્સે કર્યો ઘાતકી હુમલો








તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં શરૂ સેક્શન રોડ પરના એક વિસ્તારમાં બુધવારની સમી સાંજે સનસનાટીભરી ઘટના સામે આવી હતી. ઘરમાં ઘુસી વૃદ્ધ પર છરીના આડેધડ ઘા ઝીંકી તેમની ઢીમ ઢાળી દેવાતા આજુબાજુના વિસ્તારમાં સોંપો પડી ગયો હતો. ઘટનાની જાણ થતા જ જામનગર પોલીસના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ ઘટના સ્થળે અને હોસ્પિટલ ખાતે દોડી ગયા હતા અને કારણ જાણવા તથા ફરાર આરોપીને દબોચી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

જામનગરના શરૂ સેક્શન રોડ પર આવેલા ફીયોનીકા સોસાયટી, વિસ્તારમાં રહેતા રાજુભાઈ વજસીભાઈ વારોતરીયા નામના ૨૮ વર્ષીય વેપારી યુવાને પોતાના જ વિસ્તારમાં રહેતા આરોપી સાગર મારખીભાઈ વસરા સામે ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવાયા અનુસાર મૂળ દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના માલેતા ગામના વતની હાલ જામનગર રહેતાં દેવાયતભાઈ રામસિભાઈ વારોતરિયા ગત ૨૪ જૂનના રોજ રાત્રે આશરે ૯ વાગ્યે પોતાના ઘરે ખાટલા પર બેઠા હતા. આ વેળાએ પાડોશમાં રહેતો આરોપી સાગર ત્યાં ઘસી આવ્યો હતો.

આરોપીએ પોતાની પાસે રહેલી છરી વડે વૃદ્ધ દેવાયતભાઈ પર આડેધડ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બનાવને પગલે દેકારો બોલી જતા લોકો એકઠા થયા હતા અને તાત્કાલિક સ્થાનિક પોલીસ અને એમ્બ્યુલન્સ સહિતના સ્ટાફને જાણ કરાતા ટીમ દોડી ગઈ હતી.

જ્યાં ઈજાગ્રસ્તને તાત્કાલિક જામનગરની જીજી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા જો કે આ વેળાએ તેનું મૃત્યુ થયું હોવાનું ફરજ પરના તબીબે જાહેર કર્યું હતું. ઘટનાની જાણ થતા ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, સિટી સી પોલીસ મથકના પીઆઈ નિખિલ ડાભી સહિતનો પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોતાના દાદાના મોત મામલે રાજુભાઈ વજશીભાઈ વારોતરીયાએ પોલીસ ફરિયાદમાં જાહેર કરાયેલા કારણ મુજબ તેમના દાદા દેવાયતભાઈ વારોતરીયા સાથે અગાઉ પડોશમાં રહેતા સાગર વસરા નામનો શખ્સ મસ્તી કરતો હોવાથી જે તે વખતે (૩ થી ૪ વર્ષ અગાઉ) સામાન્ય બોલાચાલી થઈ હતી.

# સલાયામાંથી ગેરકાયદેસર રીતે વિદેશમાં દવાઓની હેરાફેરીના આંતરરાજ્ય-આંતરરાષ્ટ્રીય રેકેટનો પર્દાફાશ

## SOGએ ૮૧ લાખની મેડિકલ કેપ્સ્યુલનો જથ્થો ઝડપ્યોઃ પ્રતિબંધિત દવા પુનાથી આવી હતીઃ દુબઈ, યમન, ખંભાળીયાના કનેકશન ખુલ્યાઃ ઉંડી તપાસ

**સમય સંદેશઃ સલાયા**

દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગ દ્વારા ખંભાળિયા તાલુકાના સલાયા મરીન પોલીસ વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે સલાયા ચેક પોસ્ટ પાસે એક ટાટા એસ વાહનને રોકી તપાસ કરાતા તેમાંથી મોટા પ્રમાણમાં દવાઓનો જથ્થો મળી આવ્યો હતો. વાહન ચાલક વિપુલસિંહ વાઢેરની પૂછપરછમાં જાણવા મળ્યું કે, સલાયાના ઇકબાલ ભાયા નામના વ્યક્તિના કહેવાથી તે આ જથ્થો જામનગર રેલ્વે પાર્સલ ઓફીસથી મેળવીને સલાયા પહોંચાડવા નીકળ્યો હતો.

પોલીસે જ્યારે વાહનમાં રહેલા ખાખી બોક્સની ચકાસણી કરી ત્યારે બિલ અને વાસ્તવિક જથ્થામાં મોટી વિસંગતતા જોવા મળી હતી. બિલમાં માત્ર રૂ. ૧૪.૭૦ લાખની કિંમતના ૮૦ બોક્સ દર્શાવ્યા હતા, પરંતુ વાસ્તવિક ચેકિંગ દરમિયાન કુલ ૧૨૧ બોક્સમાંથી રૂ. ૮૦,૭૭,૮૬૧




ની બજાર કિંમત ધરાવતી ૯,૫૦,૪૯૦ કેપ્સ્યુલ મળી આવી હતી. પુના (મહારાષ્ટ્ર) બનાવટની આ દવાઓનો જથ્થો ગેરકાયદેસર અને શંકાસ્પદ જણાતા પોલીસે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ મુજબ તેને વધુ તપાસ અર્થે જપ્ત કર્યો છે.

પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે આ કેપ્સ્યુલ ભારત સરકાર દ્વારા પ્રતિબંધિત જાહેર કરવામાં આવી છે. આ જથ્થો મહારાષ્ટ્રથી મંગાવી સલાયાથી વહાણ મારફતે વિદેશોમાં મોકલવાનું એક સંગઠિત આંતરરાષ્ટ્રીય રેકેટ ચાલી રહ્યું હતું. આ મામલે મુંબઈ, પુના, જામનગર, દુબઈ અને યમન સાથે કનેક્શન ધરાવતા અબ્દુલમોઈન શેખ, ઇકબાલ ભાયા, હારીત, મહંમદ અઝરૂદ્દીન અને રાજદેવસિંહ સોઢા સહિતના શખ્સો સામે ખંભાળિયા પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતા અને ડ્રગ્સ એન્ડ કોસ્મેટીક એક્ટ હેઠળ ગુન્હો નોંધી આગળની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર મહાનગર પાલિકાના જુનિયર કોર્પોરેટરોમાં તંત્રના અસહકારથી નારાજગીના વાવડથી ચકચાર

## શાસકપક્ષના કોર્પોરેટરોના પણ સામાન્ય રોજબરોજના પ્રશ્નો અંગે અધિકારીઓની ઢીલી નીતિને લીધે લોકોમાં છબી ખરડાવાની ભીતિ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકામાં થોડો સમય પહેલાં જ ચૂંટાયેલા નવા કોર્પોરેટરો પ્રજાના રોજબરોજના પ્રશ્નોના નિકાલ માટે તંત્રની ઢીલી નીતિ સામે નારાજગી વ્યક્ત કરી રહ્યાં છે. જનરલ બોર્ડમાં હાજરી આપ્યા બાદ કોર્પોરેટરો માટે પ્રજાની વચ્ચે જવું ફરજિયાત હોય છે, જ્યાં લોકો તેમને અનેક સમસ્યાઓ રજૂ કરે છે. પરંતુ મહાનગરપાલિકાના તંત્ર તરફથી ધાર્યા પ્રમાણે ઝડપી અને સકારાત્મક પ્રતિસાદ ન મળતાં પ્રજાની આશાઓ સમયસર પૂર્ણ થઈ શકતી નથી.

હાલના વહીવટમાં સફાઈ ન થવી, કચરો ન ઉપડવો, ગટરો ઉભરાવી અને સ્ટ્રીટ લાઈટો બંધ રહેવી જેવી થોકબંધ ફરિયાદો કોર્પોરેટરો સમક્ષ આવી રહી છે. કોર્પોરેટરો જાગૃત બનીને આ પ્રશ્નો ઉકેલવા પ્રયાસ કરે છે, પરંતુ તંત્રના નબળા પ્રતિસાદને કારણે ખુદ શાસક પક્ષના કોર્પોરેટરોએ પણ અધિકારીઓને લેખિતમાં રજૂઆતો કરવી પડે છે. લેખિત આપવા છતાં લાંબા સમય સુધી પ્રશ્નોનો ઉકેલ ન આવવો તે એક ગંભીર બાબત બની ગઈ છે.

મહાનગરપાલિકામાં અધિકારીઓ અને કોર્પોરેટરો વચ્ચે સંકલનનો મોટો અભાવ જોવા મળી રહ્યો છે, જેને કારણે પ્રજાની હાડમારી વધી રહી છે. ભૂતકાળની કામ કરવાની પદ્ધતિઓને બદલવા માટે મહાનગરપાલિકાના જુદા-જુદા વિભાગના કંટ્રોલિંગ અધિકારીઓ, પદાધિકારીઓ અને કોર્પોરેટરો વચ્ચે એક ખાસ સેમિનાર યોજવો જરૂરી છે. આનાથી નવનિયુક્ત કોર્પોરેટરોને જાણી શકશે કે કયા પ્રશ્ન માટે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં પ્રિ-મોન્સૂનની લોલમલોલ કામગીરી સામે કોંગ્રેસ પાર્ટીનો પ્રચંડ વિરોધ







તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં ચોમાસા પૂર્વેની કામગીરીને લઈને રાજકારણ ગરમાયું છે. જામનગર શહેર અને જિલ્લા કોંગ્રેસ સમિતિએ મહાનગરપાલિકા કચેરી ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસે રંગમતી અને નાગમતી નદીની તાત્કાલિક સફાઈની માંગ સાથે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનને આવેદનપત્ર પાઠવ્યું હતું. કોંગ્રેસે આવેદનપત્રમાં ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી મોટાભાગે કાગળ પર જ રહી ગઈ છે. શહેરની મુખ્ય નદીઓ અને કેનાલોમાં હજુ પણ ભારે ગંદકી, પ્લાસ્ટિકનો કચરો અને કાંપના ઢગલા જોવા મળે છે. જો સમયસર સફાઈ નહીં થાય તો ચોમાસામાં શહેરમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ શકે છે.

વિરોધ પ્રદર્શન દરમિયાન કોંગ્રેસે તંત્રને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. તેમણે માંગ કરી હતી કે મહાનગરપાલિકાના સંબંધિત અધિકારીઓ, જવાબદાર એજન્સીઓ અને કોન્ટ્રાક્ટરોએ શહેર કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિઓ સાથે મળીને રંગમતી, નાગમતી નદીઓ અને અન્ય કેનાલોની રૂબરૂ સ્થળ મુલાકાત લેવી જોઈએ, જેથી તંત્રની વાસ્તવિકતા સામે આવી શકે.

કોંગ્રેસના આ વિરોધ અને આક્ષેપો સામે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણીએ મનપાનો પક્ષ રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે વિપક્ષના આક્ષેપો પાયાવિહોણા છે. મોનાણીએ સ્પષ્ટતા કરી કે શહેરમાં પ્રિ-મોન્સૂનની ૮૦ ટકા જેટલી કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને બાકીની કામગીરી પણ વહેલી તકે પૂરી કરાશે. તેમણે ઉમેર્યું હતું કે મનપાના કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓ સતત સ્થળ પર જઈને કામગીરીનું નિરીક્ષણ કરી રહ્યા છે. ચોમાસા દરમિયાન શહેરમાં ક્યાંય પણ વરસાદી પાણી ન ભરાય અને નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે તંત્ર સંપૂર્ણ સજ્જ છે.

# લાલપુર પોલીસની મોટી સફળતાઃ૨૮ વર્ષથી ફરાર રૂ.૫ હજારનો ઈનામી લૂંટારો મધ્ય પ્રદેશથી ઝડપાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના લાલપુર પોલીસને લાંબા સમયથી નાસતા ફરતા એક કુખ્યાત આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મળી છે. છેલ્લા ૨૮ વર્ષથી પોલીસને ચકમો આપી રહેલા અને રાજકોટ રેન્જના આઈજી દ્વારા રૂ.૫,૦૦૦નું ઈનામ જાહેર કરાયેલા આરોપી વાલુ માનસિંગ બીલવાવને મધ્ય પ્રદેશમાંથી ઝડપી લેવામાં આવ્યો છે.

લાલપુર ડિવિઝનના વિવિધ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરાર આરોપીઓની શોધખોળ માટે ખાસ ટીમની રચના કરવામાં આવી હતી. ટેકનિકલ એનાલિસિસ અને બાતમીદારોની મદદથી આરોપીનું ચોક્કસ લોકેશન મળતાં લાલપુર પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એલ. ગળચરના માર્ગદર્શન હેઠળ અને પીએસઆઈ



એસ.પી. ગોહિલની આગેવાનીમાં ટીમ મધ્યપ્રદેશ રવાના થઈ હતી.

પોલીસ ટીમે મધ્યપ્રદેશના જાબુઆ જિલ્લાના બડી માંડલી ગામેથી ૫૦ વર્ષીય આરોપી વાલુ માનસિંગ બીલવાવને ઝડપી પાડ્યો હતો. આરોપી જામનગરના પંચકોશી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા લૂંટ અને ધાડ જેવા ગંભીર ગુનાઓમાં છેલ્લા ૨૮ વર્ષથી ફરાર હતો. તેની ધરપકડ બાદ તેને જામનગર લાવી કાયદેસરની કાર્યવાહી માટે પંચકોશી 'બી' ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યો છે.

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે વાલુ બીલવાવ મજૂરી કામની આડમાં ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપતો હતો. તેના ગુનાહિત ઈતિહાસમાં મોરબી તાલુકા તેમજ ભાવનગર જિલ્લામાં પેટ્રોલ પંપ પર લૂંટ અને ધાડ પાડવાના પ્રયાસો પણ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આ સફળ ઓપરેશનમાં લાલપુર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જયપાલસિંહ સુરેન્દ્રસિંહ જાડેજા, પોલીસ કોન્સ્ટેબલ લક્ષ્મણભાઈ મંગાભાઈ સરસીયા અને પોલીસ કોન્સ્ટેબલ દિવ્યેશભાઈ રાજશીભાઈ ભીંભાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. પોલીસની સતત દેખરેખ, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોના નેટવર્કના આધારે ૨૮ વર્ષથી ફરાર રહેલા આરોપીને ઝડપી પાડવામાં સફળતા મળી છે.

# બેટ દ્વારકાધીશ મંદિરમાં અબજોનું મહાકૌભાંડ?! સોના-ચાંદીના દાગીના ગાયબ થયાના આક્ષેપ સાથે સીધી મુખ્યમંત્રીને ફરિયાદ

**સમય સંદેશઃ દ્વારકા**
**(બુધાભા ભાટી દ્વારા)**

કરોડો હિન્દુ શ્રદ્ધાળુઓનું પરમ આસ્થા કેન્દ્ર એવું પૌરાણિક 'બેટ દ્વારકાધીશજી મંદિર' હાલ એક પ્રચંડ વિવાદના ઘેરામાં આવી ગયું છે, જ્યાં મંદિરનો વહીવટ કરતી 'બેટ દેવસ્થાન સમિતિ' નામના પ્રાઈવેટ ટ્રસ્ટ સામે ભ્રષ્ટાચાર અને કરોડો રૂપિયાની નાણાકીય હેરાફેરીના અત્યંત ચોંકાવનારા આક્ષેપો થયા છે.

દ્વારકાના સ્થાનિક જાગૃત નાગરિક ભગવતપ્રસાદ જેન્તીલાલ પાઠકે સીધા ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને લેખિત અરજી મોકલીને આ સમગ્ર વહીવટમાં ચાલી રહેલા કાળાધોળા સામે જીઈઝ (સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ) ગઠન કરી ઊંડાણપૂર્વક તપાસ કરાવવાની ઉગ્ર માંગ કરી છે. અરજદારનો સૌથી સનસનાટીપૂર્ણ આક્ષેપ છે કે મંદિરમાં ભગવાનના ચડાવવામાં આવેલા સોના, ચાંદી અને કીમતી રત્નજડિત અબજો રૂપિયાના પૌરાણિક દાગીનાઓ ટ્રસ્ટીઓ દ્વારા સગેવગે કરી ગાયબ કરી દેવામાં આવ્યા છે.

તેમજ બહારના ટ્રસ્ટીઓની ગેરહાજરીનો લાભ લઈ સ્થાનિક વહીવટદારો દ્વારા ખોટી સહીઓ કરીને બેંક ખાતાઓ અને નાણાકીય વ્યવહારો મનસ્વી રીતે ચલાવવામાં આવી રહ્યા છે.

આ વિવાદ માત્ર આભૂષણો પૂરતો સીમિત નથી, પરંતુ ટ્રસ્ટ હસ્તકની સ્થાવાર મિલકતો, પૌરાણિક કીમતી લાકડાં અને દાનના નાણાંમાં પણ કરોડો રૂપિયાનું આંધણ થયું હોવાના ગંભીર આક્ષેપો પત્રમાં કરાયા છે. ભૂકંપ બાદ મંદિરના રીનોવેશન દરમિયાન કરોડોની કીમતી ચીજવસ્તુઓ ક્યાં ગાયબ થઈ તેનો કોઈ હિસાબ નથી, તેમજ ટ્રસ્ટના કાયદા-નિયમોને નેવે મૂકીને લાગવગ ધરાવતા ધનિકોને કરોડોની જમીનો અને મકાનો પધરાવી દઈ ટ્રસ્ટને મોટું આર્થિક નુકસાન પહોંચાડવામાં આવ્યું છે. આ ઉપરાંત, મંદિર પરિસરમાં બુટ-ચંપલ અને મોબાઈલ સ્ટેન્ડના ભાડા, ગાયો માટેના ગુપ્ત દાન અને રીનોવેશન ફંડના નામે ઉઘરાવવામાં આવતી માતબર રકમ બારોબાર સેરવી લેવાતી હોવા છતાં આ ભ્રષ્ટાચાર અંગે સ્થાનિક પોલીસ, ડેપ્યુટી કલેક્ટર કે એન્ટી કરપ્શન બ્યુરો (અઈઈ) દ્વારા કોઈ જ ઠોસ કાર્યવાહી કરવામાં આવી નથી.

સૌથી મોટો ધડાકો કરતા અરજીમાં જણાવાયું છે કે આ પવિત્ર મંદિરના ટ્રસ્ટમાં ગંભીર ગુનાહિત ઇતિહાસ ધરાવતા માથાભારે તત્વો ઘૂસેલા છે, જેમાં સરકારી અને ગૌચરની કીમતી જમીનો પચાવી પાડનારાઓ ઉપરાંત લઠ્ઠાકાંડના આરોપીનો પણ સમાવેશ થાય છે. બોટાદ અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં કેમિકલ કાંડ દરમિયાન ૪૫ જેટલા નિર્દોષ યુવાનોના મોતના જવાબદાર અને મનુષ્યવધના ગંભીર ગુનામાં ચાર્જશીટ થયેલા કેમિકલ કંપનીના માલિક સમીર પટેલ આ ધામમાં ટ્રસ્ટી તરીકે બેઠા છે. આ ટ્રસ્ટીઓ રાજકીય નેતાઓ અને ઉચ્ચ સરકારી અધિકારીઓને મંદિરમાં સ્પેશિયલ વીઆઈપી દર્શન કરાવીને પોતાની વગ મજબૂત રાખે છે, જેના કારણે સ્થાનિક તંત્ર તેમની સામે આંખ આડા કાન કરતું હોવાનો આક્ષેપ કરીને હવે સીધા મુખ્યમંત્રી આ મામલે કડક પગલાં ભરે તેવી ભક્તોમાં પ્રબળ માંગ ઉઠી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com